અપીલ અરજી નં.૨૧૬ તા.૧૧–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)ટી.પી.નં. ૧૩ એફ.પી.નં.૭૨ શિવમ સોસા.પ્લોટ નં.૧,૨માં બનાવેલ પંચવટી એપાર્ટમેન્ટની કાયદેસરતા , રજાચિઠ્ઠી, પરવાનગી તથા આ બાંધકામના રેસીડેન્સ/ કોર્મસીયલ પ્લાન પાસની માહિતી તથા હાલમાં જે ઉપયોગ થઈ રહયો હોય તેની સંપૂર્ણ માહિતી તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૨) તથા આ બાબતે અમારા ક્રાંતિધર્મ અખબારમાં તા.૧૭–૭–૧૧ માં પ્રસિધ્ધ થયેલ ફોટો વિગતોના અનુસંધાને થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૬/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.નં. ૧૩ એફ.પી.નં.૭૨ શિવમ સોસા.પ્લોટ નં.૧,૨માં બનાવેલ પંચવટી એપાર્ટમેન્ટની કાયદેસરતા , રજાચિઠ્ઠી, પરવાનગી તથા આ બાંધકામના રેસીડેન્સ/ કોર્મસીયલ પ્લાન પાસની માહિતી તથા હાલમાં જે ઉપયોગ થઈ રહયો હોય તેની સંપૂર્ણ માહિતી તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી વિ.મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આઉટવર્ડ નં./૪૯૮ તા. ૧૧–૮–૧૧થી માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વધુમાં અરજદારે માંગેલ માહિતી પ્લાન કે રજાચિઠ્ઠીના દફતર સિવાય એકત્રિત ધોરણે અન્ય કોઈ રજીસ્ટર કે દફતરે નિભાવાય છે કે કેમ? તેની વિગત તથા તેમ હોય તો બાબત હેઠળની મિલ્કત સબંધી તેવી નકલો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૫૭ તા.૧૭–૮–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મુદ્દા નં.૨. મુજબ તા.૧૭–૭–૧૧ના ક્રાંતિધર્મ અખબારના અહેવાલની નકલ સામેલ કરેલ ન હોઈ તે રજુ કરવા તથા અરજી ફી કઈ કચેરીએ ભરપાઈ કરેલ તેની વિગત જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા તથા તેમણે માંગેલ રજાચિઠ્ઠી પૂરી પાડવાના જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ સાથે અન્ય માહિતી દસ્તાવેજ ફી ભરી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? અને તે પછી કોઈ નારાજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૨૭ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૪૯૮ તા.૧૧–૮–૧૧ ના પત્રની નકલ, દસ્તાવેજ ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૮–૧૧ ના પૂર્તતા કરતો પત્ર તથા ૧૭–૭–૧૧ ના વર્તમાન પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૧–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૪૯૮ તા.૧૧–૮–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) ટી.પી.નં. ૧૩ એફ.પી.નં.૭૨ શિવમ સોસા.પ્લોટ નં.૧,૨માં બનાવેલ પંચવટી એપાર્ટમેન્ટની કાયદેસરતા , રજાચિઠ્ઠી, પરવાનગી તથા આ બાંધકામના રેસીડેન્સ/ કોર્મસીયલ પ્લાન પાસની માહિતી તથા હાલમાં જે ઉપયોગ થઈ રહયો હોય તેની સંપૂર્ણ માહિતી તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૭૨ પૈકી સબ પ્લોટ નં.૧,૨ ના પ્લાન ટીડીઓ/૧૨૭ તા.૧૫–૧૦–૦૪ થી મંજુર કરવામાં આવેલ છે. જે પ્લાનની નકલના રૂા.૧૮૦/– તેમજ રજાચિઠ્ઠીના નકલના રૂા.૪/– વરાછાઝોનની કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. સદર વિસ્તારમાં જુની. ઈજનેર શ્રી આર. જે. ટેલર ડે.ઈજનેર શ્રી એન.વી. ચૌધરી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ. જરીવાલા છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં. ૪૮૨૫૯૫ તા.૧૧–૮–૧૧ થી રૂા.૪/– ભરપાઈ કરી રજાચિઠ્ઠીની નકલ તા.૧૭–૮–૧૧ ના રોજ મેળવેલ હોવાની વિગત અત્રે પૂરક વિગતમાં મળેલ છે. મુદ્દા નં.(૨) તથા આ બાબતે અમારા ક્રાંતિધર્મ અખબારમાં તા.૧૭–૭–૧૧ માં પ્રસિધ્ધ થયેલ ફોટો વિગતોના અનુસંધાને થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ક્રાંતિધર્મ અખબારમાં તા.૧૭–૭–૧૧ માં પ્રસિધ્ધ થયેલ ફોટો વિગતોના અનુસંધાને રાંદેરઝોને ઉપલબ્ધ રેકર્ડ મુજબ કાર્યવાહી થયેલ હોવાનું

રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૧–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે બાંધકામ રેસીડન્ટ છે કે કોમર્શીયલ છે અને જે પ્લાન પાસ થયો હોય તેનો હાલમાં થઈ રહેલ ઉપયોગ તેની માહિતી પૂરી પડાયેલ ન હોવાથી અપીલ કર્યાનું જણાવેલ છે. જે અંગે અરજદારે તેમની તા.૧૭–૮–૧૧ ના પત્રમાં પણ તે અંગેની નારાજગી વ્યકત કરેલ છે અને જવાબદાર અધિકારીના નામ અને હોદ્દાની માહિતી નહી પૂરી પડાયેલ બાબતે મુદ્દા નં.૧ માં તે માહિતી જુની. ઈજનેર શ્રી આર. જે. ટેલર ડે.ઈજનેર શ્રી એન.વી. ચૌધરી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ. જરીવાલા છે. ની વિગતો જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદારને બાંધકામનો પ્લાન રેસીડન્ટ છે કે કોમર્શીયલ અને તેના ઉપયોગ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. જયારે અન્ય માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે જેથી તે અંગે કોઈ તકરારને સ્થાન નથી.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગતો તથા અપીલ તબકકે તેમનો પક્ષ રજૂ કરવા તક આપવા છતાં રેસીડેન્ટ છે કે કોમર્શીયલ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી કે આવી વિગતો પ્લાન ફાઈલ સિવાય અન્ય રજીસ્ટરે કે દફતરે નિભાવાય છે કે કેમ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. રજાચિઠ્ઠીની નકલ અત્રે મોકલેલ ન હોઈ તેમાં સદર બાબતનો ઉલ્લેખ છે કે કેમ? તે સ્પષ્ટ થઈ શકેલ નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામનો પ્લાન રેસીડન્ટ છે કે કોમર્શીયલ અને તેના ઉપયોગ અંગેની માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ